ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૬ ૧ મે ૨૦૧૬ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - 'કષાય'

પ્ર. કષાય તે શું? ઉ. સત્પુરુષો મળ્યે જીવને બતાવે કે તું જે વિચાર કર્યા વિના કર્યે જાય છે તે કલ્યાણ નથી, છતાં તે કરવા માટે દુરાગ્રહ રાખે તે કષાય, કુળાચાર પ્રમાણે જે સાચુ માન્યું તે જ કષાય છે. કોઈ માણસ ઉતાવળે બોલે તેને કષાય કહેવાય.

પ્રથમ જીવને બીજાથી ઊંચો મનાવવા માન થાય છે, તે અર્થે છળકપટ કરે છે; અને તેથી પૈસા મેળવે છે; અને તેમ કરવામાં વિઘ્ન કરનાર ઉપર ક્રોધ કરે છે. એવી રીતે કષાયની પ્રકૃતિઓ અનુક્રમે બંધાય છે, જેમાં લોભની એટલી બળવતર મીઠાશ છે, કે તેમાં જીવ માન પણ ભૂલી જાય છે, ને તેની દરકાર નથી કરતો; માટે માનરૂપી કષાય ઓછો કરવાથી અનુક્રમે બીજા એની મળે ઓછા થઈ જાય છે.

ક્રોધ, માન, માયા, લોભ એ ખરેખરા પાપ છે. તેનાથી બહુ કર્મ ઉપાર્જન થાય છે. કોઈના પ્રસંગથી ક્રોધાદિ ઊપજવાનું નિમિત ગણીએ છીએ તે ગણાવું નહીં, તેને ગણકારવું નહીં; કેમકે પોતે ક્રોધ કરીએ તો થાય. જ્યારે પોતાના પ્રત્યે કોઈ ક્રોધ કરે, ત્યારે વિચાર કરવો કે તે બિચારાને હાલ તે પ્રકૃત્તિનો ઉદય છે; એની મેળે ઘડીએ, બે ઘડીએ શાંત થશે. માટે જેમ બને તેમ અંતર વિચાર કરી પોતે સ્થિર રહેવું. ક્રોધાદિ કષાય આદિ દોષને વિચારી વિચારી પાતળા પાડવા.

ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય તે સત્ય છે, તથાથિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે જ્ઞાન થયા પ્રથમ તે મોળા ન પડે કે ઓછાં ન થાય. મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને થાય, પણ કષાયદિનું મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન જ ન થાય. કષાયા, દૂરાગ્રહાદિ મુકાય નહીં તો પછી તે વિશેષ પ્રકારે પીડે છે. કષાય સતાપણે છે, નિમિત આવે ત્યારે ઊભા થાય છે, ત્યાંસુધી ઊભા થાય નહીં. 'નિદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ' એ જે કહ્યું છે તેનો હેતુ કષાયને વોસરાવવાનો છે, પણ લોકો તો બિચારા સચોડો આત્મા વોસરાવી દે છે! **શ્રીમદ્ રાજચંદ્ર.**

**ઝંખના આ વિશ્વમાં સ્થાયી થવાની છે દુ:ખદ**
**થા અહીં મહેમાન તો તકલીફ જેવું કંઈ નથી.**
**મન કહે તે માન તો તકલીફ જેવું કંઈ નથી.**
**તું તને પહેચાન તો તકલીફ જેવું કંઈ નથી.**
**- કિરીટ ગોસ્વામી.**

## દાસબોધ

જે અવિદ્યા અને માયાનું મૂળ છેદી નાખે, જે આંતરબાહ્ય ઈંદ્રિયોનું દમન અને નિગ્રહ કરવાનો બોધ આપે અને જે ભવસાગરમાંથી પાર ઉતારે તે જ સદગુરુ છે. આવા ગુરુઓ વિરલ જ હોય છે. આવા ગુરુઓ કાંઈ દ્રવ્યથી પ્રાપ્ત થતા નથી. તે તો પૂરા પૂણ્યથી જ મળે છે. વિરક્ત પુરુષે પરમ દક્ષ થવું; અંત:કરણની પ્રેરણા પ્રમાણે વર્તનારા થવું તથા પરમાર્થનો પક્ષ લેવો.

જેઓ પરમાત્માની પ્રાર્થના આર્ત તથા દીર્ઘસ્વરથી કરે છે તેઓ પોતાની શ્રધ્ધાના બળથી ઉગરી જાય છે. એવા ભક્તજનોને આ સંસાર સાગરની પેલે પાર પહોંચાડવા માટે ઈશ્વર કુદી પડે છે. ભગવાન ભાવનાના ભૂખ્યા છે, શ્રધ્ધા જોઈને દોડી આવે છે અને સંકટના સમયમાં ભક્તનું રક્ષણ કરે છે. જેની ભગવાન પર પ્રીતિ છે તેની ચિંતા ઈશ્વર રાખે છે અને પોતાના દાસના સંસાર દુ:ખનું તે નિવારણ કરે છે. જેઓ ઈશ્વરના અંકિત છે તેઓને સદા સુખ તથા આનંદ જ છે અને એવા ભાગ્યવાન ભક્તો ખરે જ ધન્ય છે; જેમણે શ્રીહરિને પોતાના કરી લીધા તેઓને ધન્ય છે! તેઓએ અનંત જન્મોમાં કરેલું પુણ્ય ઉદય પામ્યું એમ સમજવું.

આયુષ્યએ એક રત્નની પેટી સમાન છે, એ પેટીમાં ભજનરૂપ અમૂલ્ય રત્નો રાખેલા છે. તે રત્નો ઇશ્વરાર્પણ કરીને સ્વરૂપાનંદ લૂંટવો! ઈશ્વરના ભક્તો સાંસારિક વૈભવમાં ઉતરતા હોય છે તો પણ તેઓને બ્રહ્માદિકથી શ્રેષ્ઠ સમજવા કેમકે નિરાશા વૈરાગ્યના બોધથી તે સર્વદા સંતુષ્ટ હોય છે. એક ઈશ્વરનો જ આશ્રય ભક્તો પકડી રાખે છે અને સંસારની આશાઓનો ત્યાગ કરે છે, એવા ભાવવાળા ભક્તોને પરમાત્મા અંતરબાહ્ય સંભાળી લે છે. અંતરમાં ફળની આશા રાખીને યજ્ઞયાગાદિ કર્મો કરવામાં આવે તે પોતાની જ ઈચ્છાએ જન્મ મરણની શરત કબૂલ કરવા સરખું છે. અનેક પ્રયત્નો કરીને ચૌદ વિદ્યાનો અભ્યાસ કરવામાં આવે તથા રિધ્ધિ સિધ્ધિ પ્રસન્ન થઈ હોય તો પણ શ્રી સદ્ગુરૂનાથની કૃપા વિના સ્વહિતનું સંપાદન કરી શકાતું નથી અને યમપુરીનો અનર્થ ટળતો નથી. સદ્ગુરુ કર્યા વિનાનો જન્મ નિષ્ફળ છે, સદ્ગુરુ વિના સર્વ દુ:ખરૂપ છે અને સદ્ગુરુ વિના તાલાવેલી કશાથી રાખવાની નથી. સદ્ગુરુનો વરદ હસ્ત મસ્તક ઉપર સ્પર્શ કરે કે તત્કાળ પરમાત્મા પ્રગટ થાય છે અને સંસારના અનંતદુ:ખોનો નાશ થઈ જાય છે. જેને મોક્ષની ઈચ્છા હોય એણે સદ્ગુરુ કરવા કેમકે સદ્ગુરુ વિના મોક્ષ પ્રાપ્તિ થાય એ વાત કલ્પાંતે પણ બનવા યોગ્ય નથી.- **સ્વામી રામદાસ 'દાસબોધ' માંથી સાભાર.**

# 'જ્ઞાનદેવ ચિંતનિકા'ની પ્રસાદી

૧. નરદેહ એ એક અણમોલ રત્ન છે. તે જાણે બ્રહ્મ બીજ જ છે. સર્વ પ્રકારે નિર્ભય એવા આત્મજ્ઞાનની તેમાં શક્યતા છે. અને તે સિદ્ધ કરવામાં જ માણસની ચતુરાઈ છે. જ્ઞાનદેવ કહે છે, તે આત્મજ્ઞાન કાયમને માટે મારા હાથમાં આવી ગયું છે. અને ગુરુમુખેથી સાંભળેલા શબ્દોમાં મેં તે સંઘરીને રાખ્યું છે.

૨. ઘા સપનામાં, પણ પીડા ખરેખરની. જાગી ઊઠતાં બંને ય ખોટાં ઠરે છે. (જીવ) છે પોતાની જગ્યાએ, પણ આત્મોદ્ધારનો પ્રયત્ન કરતો નથી, અને મારું શું થશે, એમ લોકોને પૂછતો ફરે છે. ઈશ્વર-ઈચ્છાએ અને સંત કૃપાથી જીવનદૃષ્ટિ મળી કે બધી જ ગૂંચ ઊકલી જાય છે.

૩. જન્મ પામીને માણસ પોતે જ પોતાનો વેરી બની બેસે છે. હું આ દેહ અને પુત્રાદિક બધાં મારાં; એવી કલ્પના કરીને 'શુક-નલિકા' ન્યાયે તે પોતાની જાતને બાંધી લે છે. કામ-ક્રોધ-મત્સરના પાશથી પોતાને જકડી લે છે. અને ઠગારા ઈન્દ્રિય-સુખમાં ગૂંચવાઈને આખરે દુઃખ ભોગવે છે. કેવળ શાબ્દિક જ્ઞાનથી આમાંથી છુટકારો થઈ શકે નહીં. દીર્ઘકાળ સુધી સતત સાધનાનો અભ્યાસ કરતા રહેવું જોઈએ. ત્યારે જ છેવટે બ્રહ્મ-દર્શન પામીને છુટકારો થઈ શકે.

૪. ઈન્દ્રિયોના ચાળે ચઢવું એટલે દીનતા સ્વીકારી લેવી. ઈન્દ્રિયોનું પોતાનું જ કદી સમાધાન થતું નથી ત્યાં તેઓ તારું સમાધાન શું કરવાની? સ્વપ્નમાંનું ધન, ઝાંઝવાનાં જળ, વાદળનો છાયો, અને ઈન્દ્રિયોનો આધાર સરખાં જ મૂલનાં. તેથી એમનો નાદ છોડીને તું તારે માર્ગે વળ. તારો જીવનાધાર અંતરાત્મા શ્રી હરિ છે. એનું ચિંતન કરતો જા. એમાં સુખનો સાગર ભર્યો પડ્યો છે.

**સાધના : શુદ્ધ માર્ગે સાધના**

૫. ચોરોની સંગાથે રસ્તો કાપવો, તે આત્મઘાત કરવા બરોબર જ નથી શું? કામ-ક્રોધ-લોભરૂપી ત્રેખડ સંગાથે પરમાર્થ પામવાની મહેચ્છા સેવવી, તે નર્યું ગાંડપણ છે. તે બધી ફગાવીને ચિત્તશુદ્ધિપૂર્વક જ્ઞાનસાધના આચરીશું, તો જ ઉદ્ધાર છે; અન્યથા વચ્ચે જ સર્વનાશ થશે.

૬. મનુષ્યનો મુખ્ય વેરી અર્થ-લોભ છે. અર્થ-લોભને કારણે માણસ મિત્રોને ગુમાવી બેસે છે. ભલા, અર્થ-લોભ રાખવાનું શાને માટે કહો છો? સંસારમાં મુશ્કેલી ન આવે એટલા માટે જ ને? પણ ઈશ્વરના ભક્તે સંસારની મુશ્કેલી ક્યારેય ગણકારી છે ખરી? તે તો દુનિયાભરમાં મિત્રો વધારતો જ રહેશે.

૭. નરદેહથી પ્રાણીમાત્રની પ્રેમપૂર્વક સેવા કરી શકાય છે. તે ટાળીને, નિર્જીવ મૂર્તિનાં દર્શન સારુ તીર્થયાત્રાદિ કરતાં શાને ફરીએ? હૃદય-મંદિરમાં લપાઈને બેઠેલા, તીર્થોના તીર્થરૂપ આતમરામનાં દર્શન કરવા છે. તે માટે હૃદયશુદ્ધિ અને આસપાસની જીવસૃષ્ટિની સેવા એ જ ઉપાય છે. તેના પ્રત્યે પૂરતું ધ્યાન નહીં આપે તો આવો મનુષ્ય-અવતાર પામીને ખૂબ મોટી તક ગુમાવી બેઠા જેવું થશે.

૮. આચરણ વિના અને અનુભવ વિના, કેવળ શ્રવણથી આત્મજ્ઞાનની મીઠાશ કેમ કળાશે? જન્મથી આંધળો રત્નની પરખ શું કરવાનો? આગળના જ્ઞાની પુરુષોની નકરી વાતો શું કામની? જાતે આત્મજ્ઞાન સંપાદન કરીને ઈશ્વર-ચરણોને વળગી પડીએ ત્યારે જ ખરું. બહાર અખંડ પ્રવૃત્તિ ચાલુ છે, અંદર અખંડ નિવૃત્તિ છે, અને બંને મળીને એક જ સ્થિતિ છે, એવું જ્ઞાની પુરુષોનું જીવન હોય છે. તેમનું હમેશાં ઈશ્વરની સાથે જ એકાંત હોય છે. કર્મ કરતી વખતે દ્વૈત અને ચિંતન વખતે અદ્વૈત એવો ભિન્ન અનુભવ તેમને નથી. એટલે દ્વૈત-અદ્વૈત એવી શાબ્દિક ચર્ચાને ત્યાં અવકાશ જ નથી. આ બધું પ્રત્યક્ષ અનુભવ વિના કેમ કળાશે?

**સાધના : ચિત્ત વિકાસ યોગ**

૯. મનમાંની ભાવનાઓની મીઠાશમાં જ માણસ રમમાણ રહે છે. પણ તે સકળ ભાવનાઓથી મન રસાઈ જાય, પછી જે કાંઈ રહે તેની મીઠાશ ઓર જ છે. આ ધ્યાનમાં તો આવે છે, પણ નથી એટલી ધીરજ રહેતી કે નથી એટલી સાધના થતી. તેથી અનુભવી સંતોની સેવા કરીને એમને પરિપ્રશ્ન કરવા જોઈએ. નિવૃત્તિનાથની કૃપા પામેલો જ્ઞાનદેવ આ સ્વાનુભવથી કહે છે.

૧૦. અમે નિત્ય સંન્યાસી છીએ. સમાજમાં હોવા છતાંય એકાંતમાં રહીએ છીએ. છોડવાની વસ્તુ અંદર જ હતી, તે બધી છોડી. ચિત્તની સંગત છોડી, અજ્ઞાનનો સંપર્ક છોડ્યો, સોહમનું અભિમાન પણ છોડ્યું. હવે અંદર અને બહાર ઈશ્વર જ બાકી રહ્યા. એટલે છોડવાની કલ્પના પણ છૂટી. - **('જ્ઞાનદેવ ચિંતનિકા'ની થોડી પ્રસાદી), વિનોબાજી, અનુ. ભગિનીધ્વય હરિશ્ચંદ્ર, સૌ. ભૂમિપુત્ર**

---

૧. જાગૃતિનો મોટામાં મોટો દુશ્મન કોણ છે ? ભય.
ભય ક્યાંથી પેદા થાય છે ? ભ્રમણામાંથી.
અને ભ્રમણા શું છે ?
તમારી આસપાસનાં ફુલોને ઝેરી સાપ માનવા એ ભ્રમણા છે. હું
જાગૃતિ કેવી રીતે પામી શકું ?
આંખ ખોલો અને જુઓ. શું ?
આસપાસમાં ક્યાંય એક પણ સાપ નથી.

૨. ગુરુ સામાન્ય રીતે મઠમાં રહેવા લોકોને ના પાડતા.
પુસ્તકોનો લાભ મેળવવા પુસ્તકાલયમાં જઈને રહેવુ જરૂરી નથી.
એમ બહુ ભારપૂર્વક કહેતા,
પુસ્તકાલયમાં પગ પણ મૂક્યા વગર તમે પુસ્તક વાંચી શકો.
મંદિરમાં પગ પણ મૂક્યા વગર તમે અધ્યાત્મસાધના કરી શકો.

૩. લોકોને મારી જેવા બનાવવામાં અધ્યાત્મ શી
મદદ કરી શકે ? એક ઉદ્યોગપતિએ પૂછ્યું.
વધુ મળે એવી મદદ કરીને. કેવી રીતે ?
ઝંખનાઓ ઓછી રાખવાનું શીખવીને.

**સંકલન : જયા મહેતા, જન્મભૂમી પ્રવાસીમાંથી સાભાર**

---

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - દાસબોધ - | ૧ |
| જ્ઞાનદેવ ચિંતનિકા, વિનોબાજી | ૨ |
| તંત્રી સ્થાનેથી - ગુરુમંત્ર મુશ્કેલીથી બચાવે છે. | ૩ |
| હમ હોંગે કામયાબ - એક છોકરી માટે ટ્રેન | ૪ |
| દરેક વ્યક્તિ મહાવીર ચેતનાને પામી શકે છે, ઓશો | ૫ |
| ગો-ગાંધી વિનોબા પ્રેમી કાંતીભાઈ શાહની વિદાય - | ૫ |
| આઈસ્ક્રીમ ઈન્ટરનેટ પરથી - એક આશ્ચર્યજનક ચમત્કાર | ૬ |
| મહાજન ગૌશાળા - સાવ જ તારી કને - લવાજમ | ૭ |
| વિચારોમાં સંજોગોને ઝુકાવવાની શક્તિ હોય છે | ૮ |

## તંત્રી સ્થાને

# આજે પણ સમૃધ્ધિ મળી શકે છે.

આજે પણ સમગ્ર વિશ્વ સમૃધ્ધિ, સુખ અને શાંતિથી જીવી શકે છે એ સમૃધ્ધિ આપવાની શક્તિ ધરતીમાં, ખેતીમાં અને ગોધનમાં છે.

લાભ એ આપણો હક છે પણ તેમાં જ્યારે લોભ ભળે છે ત્યારે પ્રશ્નો સર્જાય છે. ખેતીની અવદશાનું કારણ પણ આ લોભ જ છે. અન્યથા ધરતી માતા ક્યારેય આપણને દુ:ખી કરે જ નહિ.

આપણને લાગે છે કે ખાતર, પાણી, જંતુનાશક દવાઓ વગેરેથી ખેતીનું ઉત્પાદન વધ્યું. કંઈક અંશે સાચુ હશે પણ ખરું, પણ ખરેખર તો ધરતી સમૃધ્ધ હતી અને સ્ટેરોઈડની જેમ ખાતર પાણીનો ઉપયોગ કરવા માંડ્યો એથી ઉત્પાદન તો વધ્યું પણ ધરતીનો કશ ધીમે ધીમે ઘટતો ગયો. આજે તો કોઈને પણ ખેતીમાં રસ રહ્યો નથી. ખેડૂતના માથે દેવાના ડુંગરો ચડી ગયા અને આપઘાતનો સીલસીલો ચાલુ થયો.

ખેતીમાં ભયંકર હિંસાનો ઉપયોગ થવા માંડ્યો, ઉપયોગી જીવોને પણ મારી નાખ્યા, નિંદામણ નાશક દવાએ તો કાળો કેર વર્તાવ્યો. ધરતી સજીવને બદલે નિર્જીવ વસ્તુ બની ગઈ. હવે જે ઉત્પાદન મળે છે તે તો કુદરતી વરસાદ-હવા-પાણીના પ્રતાપે મળે છે. ધરતીમાં કસ રહ્યો જ નથી. અમેરિકા ખુદે નિંદામણ દવા પર હવે પ્રતિબંધ લગાવ્યો છે.

લગભગ ૬૦ વરસોથી આપણે ધરતીનો ધરતીની સેવા કર્યા વગર કસ કાઢતા રહ્યા, લાભ લેતા રહ્યા, પણ હવે જાગીએ.

એક ગાયનું ગોબર-ગોમૂત્ર ત્રણ વરસ સુધી એક એકર ધરતીમાં નાંખીએ તો ૧% કાર્બન વધે. સમૃધ્ધિ માટે ૧૮% કાર્બન જોઈએ પણ આજે ધરતીમા .૫% (અડધો ટક્કો માત્ર) કાર્બન જ રહ્યો છે. આ ૧% કાર્બન વધવાથી તેની મૂળ ઉત્પાદક શક્તિ ઘણી વધી જાય છે. એક નિષ્ણાત નું કહેવું છે કે આજે પણ વ્યવસ્થિત ખેતી કરવામાં આવે તો એકરે ૧ લાખ કમાણી મળી શકે છે. આજે તો માંડ એકરે ૫-૧૦ હજાર મળે છે અને તે પણ બજારભાવ બરાબર મળે તો. નહિતર ક્યારેક તો પાકને રસ્તે નાંખી દેવો પડે છે.

આ બધાથી આપણને બચાવી શકે તેમ હોય તો તે માત્ર અને માત્ર આપણું અસલી દેશી ગોધન છે. આ ગોધન એ આપણી સાચી સમૃધ્ધિનો પાયો છે. આપણી દેશી ગાયોનું DNA જ એક આશ્ચર્યકારક કુદરતની કરામત છે.

પ્રથમ તો ગાયોને સ્વસ્થ કરીએ. સારો અને પોષ્ટિક ચારો આપીએ તો તેનું ગોબર ગોમૂત્ર શુધ્ધ મળશે. ગોબર ગોમૂત્ર જ અસલી સંપતિ છે. દુધ તો By Product છે; આ શુધ્ધ ગોબર ગોમૂત્રથી ધરતી શુધ્ધ થશે, જે ઉત્પાદન થશે તે અસલ કુદરતી પોષ્ટિકતાથી ભરપુર હશે. માનવી ઉપયોગમાં લેશે તો એ પણ દર્દોથી દૂર રહેશે.

એક વિષ ચક્રમાં આપણે ફસાઈ ગયા છીએ. માતાના દુધમાં પણ ઝેર આવી ગયું છે. બેરોજગારી, આંતકવાદથી આ વિશ્વ ત્રસ્ત છે. માત્ર ગો વિજ્ઞાન જ આપણને બચાવી શકશે.

હવે સામુહિક ખેતી એ જ ઉપાય છે નાના ખેડૂતોને મજુરી, દવાઓ વિ. હવે પોષાય તેમ નથી. ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ બધું મોંઘુ થઈ ગયું છે. ખેતીથી હવે સહુ દૂર ભાગી રહ્યા છે પણ સમજીને સામુહિક ખેતી કરવી જરૂરી બની ગયું છે. એના પ્રેરણાદાયક ઉદાહરણો ક્યારેક ક્યારેક આપણે ગોરક્ષા પાત્રમાં આપતા રહ્યા છીએ.

આજે પાણીનો પ્રશ્ન વિકરાળ બની ગયો છે. વરસાદ આવતા પહેલા તળાવો, કુવાઓ ઊંડા કરીએ. ચેકડેમ, રીચાર્જ વગેરેથી કુદરતની અમૂલ્ય મળતી વસ્તુ પાણીનો સંગ્રહ કરતા રહીશું તો આ દુષ્કાળ આફત મટીને અવસર બની જાય તેમ છે. આપણા અસ્તિત્વ ખાતર પણ આપણું આ ગોધન બચાવવાની આજે તાતી જરૂર છે. એ જ આપણને બેરોજગારી, આતંકવાદ, વિ. માંથી બચાવી શકશે. ફરી આપણે જે સમૃધ્ધિના હકદાર છીએ તે સમૃધ્ધિ પામશું.

તંત્રી સ્થાનેથી આમ તો અંતરમાં છે તે લખવું જોઈએ, પણ આત્મશ્લાઘા કદાચ લાગે તેથી મૌન રહેલા. ખરેખર એ આત્મશ્લાઘા નથી જ અનુભવમાંથી મળેલું એ સત્યનું જ દર્શન છે. તેથી હવે પછીના અંકોમાં થોડું 'પ્રેમનો પીયાલો પાઉંને પીઉ' પત્રો, ડાયરી રોજ બરોજની વાતોમાંથી સત્સંગ નોંધ આપવાની ઈચ્છા રહે છે.

અમારો આત્મા સાક્ષી પુરે છે કે સંપૂર્ણ અહિંસક ક્રાંતિનો પાયો છે ૧. સ્વચ્છતા અને ૨. ગોરક્ષા એટલે ખેતી-સ્વચ્છતા-ગાયો વિષે વધારે લખાય છે. અધ્યાત્મ એ જીવવાનો વિષય છે.

# ગુરુમંત્ર મુશ્કેલીથી બચાવે છે

આપણે ભલે ગમે તેટલા હોંશિયાર હોઈએ, શક્તિશાળી હોઈએ, સક્ષમ હોઈએ પરંતુ જીવનમાં કેટલીક પરિસ્થિતિઓ એવી નિર્માણ પામે છે જે આપણી સીમાથી બહાર હોય છે. આપણે તેની સાથે સંઘર્ષ કરી શકતા નથી. નિરાશા ઘેરી વળે છે. એક ઉદાહરણથી આ વાતને સમજો. તમે ઘણા મોટા ડોક્ટર છો, મોટા અધિકારી કે વ્યવસાયી છો. પોતાના કામમાં ખૂબ જ હોંશિયાર છો. તમને જોઈને લોકો એમ કહે છે કે, આ વ્યક્તિ જે ઈચ્છે તે કરી શકે છે, સફળતા તેની દાસી છે, અવસર તેના ગુલામ છે, ધન તો હાથનો મેલ છે. જીવનમાં ક્યારેક એવો સમય આવે છે જ્યારે તમને લાગે છે કે તમે નબળા પડી રહ્યા છો, કોઈ પરમશક્તિની જરૂર છે. ખાસ કરીને અંગત જીવનમાં આવું થાય છે. એવી સ્થિતિમાં તમે બીજા કોઈને વાત પણ જણાવી શકતા નથી. ગુપ્તતાનું તમારા પર દબાણ બની જાય છે, કેમ કે તમે એક છબીમાં જીવતા હોવ છો. એક એવી છબી જે તમે જેટલી બનાવી છે તેના કરતાં બમણી બીજા લોકોએ તમારા અંગે બનાવેલી છે. આવી સ્થિતિમાં બે જ શક્તિ મદદ કરી શકે એમ છે. પરમાત્માની મદદ લો અથવા તો પછી પરમાત્માએ આપેલી ગુરુ નામની સુવિધાનો લાભ લો. જીવનમાં કોઈ ગુરુને જરૂર શોધી લો. **હવે, અહીંથી એક વધુ સમસ્યા શરૂ થઈ શકે છે કે જો તમે ગુરુની સામે ભિખારી તરીકે ગયા તો બની શકે તમને સામે પણ ભિખારી મળી જાય. બે ભિખારી સામ-સામે હોય તો કોઈ કોને શું આપશે? આથી તમારી શ્રદ્ધાને બળવત્તર બનાવો અને જીવનમાં ગુરુ મોકલવા પરમાત્માને વિનંતી કરો. આપણે શોધીશું તો ચૂક જરૂર થશે. એ મોકલશે તો શ્રેષ્ઠ જ રહેશે.** હવે ગુરુ આપણા માટે માત્ર માર્ગદર્શક નથી, વાલી પણ બની જશે. તેમનો રસ આપણને મુશ્કેલીમાંથી છૂટકારો અપાવવામાં જ નહીં હોય, પરંતુ આપણને તેને લાયક બનાવવામાં હશે જ્યારે પણ આવી પરિસ્થિતિ નિર્માણ પામે ત્યારે આપણે ગુરુની ગેરહાજરીમાં પણ સક્ષમ બનીને તેનો સામનો કરી લેશું. કેમ કે તે આપણી પાસે ગુરુમંત્ર છોડી દે છે.

**- પં. વિજયશંકર મહેતા, સૌ. જન્મભૂમિ, ૧૦.૪.૧૫**

## હમ હોંગે કામિયાબ

મન હોય તો માળવે જવાય એ કહેવત ૩૮ વર્ષના યુવાન, મહેનતુ અને કર્તવ્યનિષ્ઠ સરકારી અધિકારી રામદાસ કોકરેને બરોબર લાગુ પડે છે. કોઈ પણ કામને પૂરા કરવાનો એક વખત નિશ્ચય કરી લીધો તો પછી એને દુનિયાની કોઈ તાકાત અટકાવી શકતી નથી. બસ તમારે ફક્ત તમારા ઉદ્દેશ્યને પૂરા કરવા પર અટલ રહેવું જોઈએ. જો એટલું કરી શકો તો આપોઆપ તમારે રસ્તે આડા આવનારા તમામ વિઘ્નો દૂર થઈ જાય છે એવો જ કંઈક રામદાસ કોકરેની લાઈફનો ફંડા છે.

મહારાષ્ટ્રમાં જ નહીં પણ દેશભરમાં પર્યાવરણ માટે લોકોને જાગૃત કરવાનો નેક ઈરાદો રાખનારા રામદાસ કોકરે જે કામ દાપોલીમાં કરી શક્યા નહીં તે તેમણે વેંગુલામાં કરી બતાવવાની ચેલેન્જ સ્વીકારી લીધી હતી, એમાં અડચણો તો ઘણી આવી પણ પોતાની ઈચ્છાશક્તિ અને સ્થાનિક નાગરિકોના સહકારથી વર્ષનું માત્ર ને માત્ર ૧૬ કરોડ રૂપિયાનું આર્થિક બજેટ ધરાવતા વેંગુલા શહેરને માત્ર ચાર મહિનાની અંદર શૂન્ય કચરામુક્ત, પ્લાસ્ટિકમુક્ત અને ડમ્પિંગગ્રાઉન્ડમુક્ત કરીને મહારાષ્ટ્રની અન્ય મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

શું છે વેંગુલા પેટર્ન ?

દેશના એક રાજ્યના આર્થિક બજેટ કરતા પણ મોટું બજેટ ધરાવતી મુંબઈ મહાનગરપાલિકા માટે પણ પ્લાસ્ટિકના કચરાનો નિકાલ કરવો માથાનો દુખાવો બની ગયો છે ત્યારે રામદાસ કોકરેએ વેંગુર્લા શહેરને કચરામુક્ત કરીને એ કચરામાંથી જ વીજનું અને કોલાસાનું ઉત્પાદન કરીને નગરપાલિકાને આવક તો ઊભી કરી આપી પણ સાથે જ કચરામાં રહેલા પ્લાસ્ટિકનો ઉપયોગ વેંગુલાના રસ્તા બનાવવા માટે કર્યો છે.

વેંગુલા પેટર્ન કઈ રીતે કામ કરે છે ?

પહેલા તો કચરાના વર્ગીકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. નગરસેવકોને અને જનતાને વિશ્વાસમાં લીધા. લોકો સાથે મીટિંગ કરીને જનજાગૃતિ અભિયાન ચલાવ્યું. રોજ જમા થતા કચરાનું વર્ગીકરણ કેટલું મહત્ત્વનું છે તે લોકોના ગળે વાત ઉતારી. તે મુજબ સૂકો અને ભીનો કચરો અલગ, પ્લાસ્ટિકનો અલગ અને કાચ તથા અન્ય ધાતુ એમ ચાર પ્રકારે વર્ગીકરણ કરવાનું હાઉસિંગ સોસાયટીઓ માટે ફરજિયાત બનાવ્યું. આ કાર્યપધ્ધતિ અમલમાં લાવવા 'ગુડ મોર્નિંગ ટીમ'ની સ્થાપના કરી અને એના દ્વારા લોકોમાં જનજાગૃતિ લાવવામાં આવી. પ્રત્યેક વોર્ડમાં નગરસેવક અને એક અધિકારી અને અન્ય કર્મચારી એમ પંદર જણાની ટીમ બનાવી અને તેમના પર વેંગુર્લાના નગરઅધ્યક્ષ અને ખુદ રામદાસ કોકરે ધ્યાન આપતા હતા. કચરાનું વર્ગીકરણ કર્યું ન હોય તેમનો કચરો લેવો નહીં અને તેમને દંડ ફટકારવો એવો સખત કાયદો બનાવ્યો. નવી સોસાયટી બનાવતા સમયે કચરાનું વર્ગીકરણની શરત ફરજિયાત રાખવામાં આવી અને બેદરકારી જણાઈ આવે તો સબંધિત બિલ્ડર, સોસાયટીઓને ઓક્યુપેશન સર્ટિફિકેટ આપવામાં આવતું નથી. લગભગ એક વર્ષથી ચાલતી આ કામગીરી દરમિયાન રામદાસ કોકર અને તેમના અધિકારીઓએ આખા વર્ષ દરમિયાન એક દિવસની પણ રજા લીધી નહોતી. વર્ષના ૩૬૫ દિવસ સવારના ૭ થી સાંજના ૮ વાગ્યા સુધી આ જ કામમાં રચ્યા પચ્યા રહેતા હતા.

કચરામાંથી આવક ઊભી કરી.

આખા વેંગુર્લામાં કચરાનું ચાર પ્રકારે વર્ગીકરણ કરીને તેને ડમ્પિંગ ગ્રાઉન્ડમાં લાવવામાં આવે છે ત્યારબાદ અલગ અલગ જગ્યાએ તેનું વર્ગીકરણ કરીને રાખવામાં આવે છે. જેમાં ધાતુ, કાચની બાટલીઓ, પ્લાસ્ટિકની વસ્તુઓને ભંગારમાં વેચી દેવાતા પૈસાની આવક થાય છે. પ્લાસ્ટિકની થેલીઓ, પ્લાસ્ટિકના કાગળ વગેરેને ક્રશર મશીનમાં નાખીને ક્રશ કરીને ૨૦ રૂપિયે કિલો વેચવામાં આવે છે અને તેનો જ ઉપયોગ રસ્તો બનાવવામાં માટે કરવામાં આવે છે. રસ્તો બનાવવા માટે ડામરમાં આઠ ટકા પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાને કારણે રસ્તાની લાઈફ પાંચ ટકા વધી ગઈ હોવાનું કહેવાય છે. સૂકા કચરામાંથી કોલસો બનાવવામાં માટે ખાસ મશીન લેવામાં આવ્યું છે અને તેમાંથી કોલસો બને છે જે અનેક કંપનીઓ અને કારખાનાઓ ખરીદી કરે છે. એટલું જ નહીં પણ કચરામાંથી બાયોગેસ પ્રોજેક્ટ પણ ચલાવવામાં આવે છે. ભીના કચરામાંથી મિથેન વાયુ ભેગો કરીને જનરેટરના માધ્યમથી વેંગુલા નગરપરિષદના ઓફિસ માટે વીજનું ઉત્પાદન કરવામાં આવે છે અને વેંગુલાની સ્ટ્રીટ લાઈટ પણ આ વીજળીના ઉપયોગથી જ ચાલે છે. સરકારી અધિકારીનું નામ પડતા લોકોના નાકનું ટેરવું ચડી જતું હોય છે, પણ રામદાસ કોકરે એમાં અપવાદ છે. આ એવો અધિકારી છે જેના ઉજળા કામ લોકોના જીવનમાં ઉજાસ લાવી દે છે અને સરકારની પ્રતિમા ઉજળી બનાવે છે.

**- સપના દેસાઈ. સૌ. મુંબઈ સમાચાર**

## માત્ર એક છોકરીને સ્કૂલમાંથી લાવવા-લઈ જવા ચાલે છે ટ્રેન

આપણા દેશના અંતરિયાળ વિસ્તારમાં રહેતાં બાળકોને સ્કૂલમાં ભણવા માટે દૂર-દૂર સુધી ચાલીને, નદીઓ પાર કરીને અથવા તો જંગલ-પહાડ ખૂંદીને જવું પડે છે ત્યારે જપાનનો એક કિસ્સો આપણને વિચારવા મજબૂર કરે એવો છે. અહીં એક સ્ટેશન પર રોજ દિવસમાં બે વખત ટ્રેન આવે છે જેમાં એક જ મુસાફર હોય છે. આ મુસાફર છે એક નાનકડી છોકરી જે ટ્રેનથી સ્કૂલમાં આવ-જા કરે છે. જપાનના હોકાઈદો દ્વીપના કામી-શિરાતાકી નામના ગામનું સ્ટેશન બંધ કરવું પડ્યું છે, કેમ કે અહી વધુ મુસાફરો નથી મળતા. જોકે સરકારે આ સ્ટેશન પર એક ચોક્કસ ટ્રેનની આવ-જા ચાલુ રાખી છે, કેમ કે અહિંના અધિકારીઓએ જોયું હતું કે એક બાળકી માટે સ્કૂલમાં આવવા-જવાનો બીજો કોઈ રસ્તો નથી. એને કારણે હવે ત્યાં ટ્રેન દિવસમાં એક વાર છોકરીને લેવા માટે અને બીજી વાર તેને મૂકવા માટે આવે છે. આ છોકરી સિવાય ટ્રેનમાં ન તો કોઈ ચડે છે, ન કોઈ ઊતરે છે. એટલું જ નહીં, આ ટ્રેનનો સમય પણ છોકરીની સ્કૂલના સમય સાથે મૅચ કરવામાં આવ્યો છે. જ્યાં સુધી આ છોકરી હાઈ સ્કૂલ પાસ કરશે ત્યાં સુધી આ ટ્રેન-સર્વિસ ચાલુ રહેશે.

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## દરેક વ્યક્તિ મહાવીર-ચેતનાને પામી શકે છે

એક મિત્રે પુછ્યું છે 'તમે પ્રચલીત ધર્મોની નિંદા કરો છો, પણ એ ધર્મોએ જ મનુષ્યતાને ઘણી સારી વાતો આપી છે, જેમ કે 'દાન'ની સંકલ્પના આ જ ધર્મોએ મનુષ્યને સમજાવી છે. એના કારણે જ દુનીયામાં આટલાં મંદિરો, ધર્મશાળાઓ, દવાખાનાઓ છે. શું એને પણ આપ બરાબર નહીં કહો ?'

ઓશો જવાબ આપે છે, 'બધા ધર્મોએ દાનને પુણ્ય કહ્યું છે પરંતુ હું દાનને પાપનું બીજું નામ કહીશ. તમે ચોંકશો. પરંતુ મારી વાત સમજવાની કોશીશ કરજો. દાન ક્યારે કરાય છે ? જયારે તમે પુરતા ધનનો સંચય કરી લીધો હોય, ત્યારે! અને તમે એટલા ધનનો સંચય ક્યારે કરી શકો છો ? જ્યારે તમે સમાજનું સારું એવું શોષણ કરી લીધું હોય ત્યારે ! હવે શોષણને શું તમે પુણ્ય કહેશો ? એને 'પાપ'નું જ નામ દેશો ને ? પછી પાપથી કરવામાં આવેલું શોષણ, અને એ શોષણથી કરેલો સંગ્રહ, એ સંગ્રહથી કરેલું દાન પુણ્ય કેવી રીતે થઈ જાય ? આ તો એવું ગણિત થયું કે પાપ કરીને તમે દસ લાખનો સંચય કરી લો એમાંથી એક લાખનું દાન કરીને સ્વર્ગની ટીકીટ આરક્ષિત કરી લો અને બચેલા નવ લાખથી દુનીયાની મજા પણ લુંટી લો ! નહીં, આ બધી ચાલાકીની વાતો છે અને ધ્યાનમાં રાખજો મહાવીરને એક દિવસ વાત સમજાઈ ગઈ કે રાજ્ય મારું નથી તો એને હું શા માટે પકડી રાખું ? બસ રાજ્ય છુટી ગયું. એનું કાંઈ દાન નહોતું કર્યું.'

'આ જ મિત્રે બીજું પણ પુછ્યું છે : તમે કહો છો દરેક વ્યક્તિ મહાવીર-ચેતનાને ઉપલબ્ધ થઈ શકે છે. શું દરેક સામાન્ય વ્યક્તિ મહાવીર-ચેતનાને પામી શકશે ?' ઓશો પોતાના જવાબમાં કહે છે, ''જો પ્રશ્નકર્તા ઈમાનદાર હોય તો પુછવા માગે છે કે, 'શું મને મુકીને બીજા બધા જે સામાન્ય લોકો છે શું તેઓ મહાવીર-ચેતનાને પામી શકશે ?' તેઓ પોતાને ખુદને તો સામાન્ય માનતા જ નથી. બીજાઓને માને છે. આવું જ દરેક બીજી વ્યક્તિની બાબતમાં પણ કહી શકાય. કોઈ પોતાને સામાન્ય માનતું જ નથી, બીજાઓને માને છે. અને હું તમને કહેવા માંગુ છું કે જે દીવસે તમે સામાન્ય થવા લાગો છો એ જ દિવસથી તમારી યાત્રા મહાવીર-ચેતનાની તરફ શુરુ થઈ જાય છે. પરિપુર્ણ રુપે સામાન્ય થઈ જવું, અહંકારનું સંપુર્ણ વિસર્જન એ જ મહાવીર-ચેતનાને પામવું છે.''

એકાદ ક્ષણ માટે અટકીને ઓશો આગળ કહે છે, 'પરંતુ હું પ્રશ્નકર્તાનો ભાવ સમજી શકું છું. તેઓ કહેવા માગે છે કે દરેક માણસની ક્ષમતા અલગ હોય, પછી હર કોઈ મહાવીર-ચેતનાને કેવી રીતે પામી શકે ? અને એમાં હું સહમત પણ છું. દરેક માણસની ક્ષમતા અલગ અલગ હોય છે. જો હું સો લોકોને એક માઈલનું અંતર દોડીને પાર કરવાનું કહું તો તેઓ એ અંતર અલગ અલગ સો સમયમાં પાર કરશે. કારણ કે દરેકની દોડવાની ક્ષમતા અલગ અલગ છે. પરંતુ જો હું આ દોડી રહેલા લોકોને અટકી જવા કહું તો શું એમનું અટકવું સો સમયમાં હશે ? નહીં, અટકવું તો એક જ સમયમાં થઈ શકે છે કારણ કે અટકવામાં ક્ષમતાની જરુર નથી હોતી. બાહ્ય જગતની અવિરત ચાલતી ખુદની દોડધામને રોકીને પોતાની ચેતનાને ભીતરની તરફ વાળી લેવી એટલે જ મહાવીર-ચેતનામાં પ્રવેશ કરવો. અને આ બધાને માટે સંભવ છે.'

**- 'મેરે પ્રિય આત્મન' માંથી સાંભાર. સૌ. રામજીભાઈ પટેલ.**

## ગો-ગાંધી વિનોબા પ્રેમી કાંતીભાઈ શાહની વિદાય

વિનોબાજીએ સૂત્ર આપ્યું કાંચનમુક્તિ અને તંત્રમુક્તિ કાંતીભાઈને આ વિચાર ગમ્યો અને નિર્ણય કર્યો કે હું આ પ્રયોગ કરીશ.

પાંચ જણાનો પરિવાર હતો સર્વોદય સંસ્થામાંથી લગભગ (૧૯૫૮ માં) ૧૨૫ રૂ. માનધન લેતા હતા. લગભગ ૨૦ મહિના માનધન લીધેલ અને પછી મિત્રોને નિર્ણય જણાવ્યો કે હવેથી માનધન પણ નહિ લઉં. સર્વોદય પાત્ર, સાહિત્ય પ્રચાર અને મિત્રોની સહાયથી ચલાવીશ. કુટુંબમાં વિરોધ તો ઘણો થયો પણ પત્ની પરિવારે સાથ સહયોગ આપ્યો. મિત્રોએ પંતનગર ઘાટકોપરમાં ખરીદીને જગ્યા આપેલ.

વિનોબાજીએ ૧૯૮૧માં દેવનાર ગોરક્ષા સત્યાગ્રહ માટે ૧૮ જણાને મુંબઈ મોકલ્યા. કોઈ વ્યવસ્થા નક્કી થયેલ નહી. વિનોબાજીએ કહેલ 'જાઓ હો જાયેગી વ્યવસ્થા'.

આવનાર સત્યાગ્રહીઓ કાંતીભાઈને મળે છે. પ્રથમ થોડા દિવસ ઉમિયા સદનમાં વ્યવસ્થા થઈ પછી સર્વોદય હોસ્પિટલના ટ્રસ્ટી કાંતીભાઈને વાત કરી અને દેવનાર ગોરક્ષા સત્યાગ્રહ ચાલ્યો ૨૦૧૪ માર્ચ સુધી ૩૩ વરસ સુધી અહિ ગોરક્ષા કેમ્પની વ્યવસ્થા (કોઈપણ ભાડા વગર) રહી. કાંતીભાઈ એની વ્યવસ્થા ૧૯૯૯ સુધી સંભાળી હતી.

વચ્ચે દેવનાર સત્યાગ્રહમાં ઢીલાશ આવી.

કાંતીભાઈ અંતર પ્રેરણાથી ચાલનાર વ્યક્તિ હતા એટલે ૧૯૯૯માં ગો વિજ્ઞાન ભારતીની સ્થાપના કરી. આ સંસ્થા મારફતે જન જાગૃતિ, બૈલ ઉર્જા, સજીવ ખેતી, ચેકડેમ, તળાવો, શીબીર, સંમેલન, પ્રચાર પ્રસારના કાર્યો થતા રહ્યા છે. છેલ્લે સુધી સંસ્થાની સાથે જોડાયેલ પણ ઉમરની તકલીફને હિસાબે કેટલાક વરસથી નિવૃતિ લીધેલ પણ સતત ચિંતન મનન ગોરક્ષાનું જ ચાલુ રહેતું હતું. ૯.૪.૧૬ના છેલ્લે આરામ અને સાધના માટે કાવીઠા વિનોબા ગોશાળામાં ગયા હતા. સાંજે ગાયનું દુધ પીધું, ગાયોના દર્શન કર્યા, હાથ પસરાવ્યો ગાયો પર અને થોડા મહિના પહેલા જ નવી સાધક સાધના કુટિર ગૌશાળામાં બનાવેલ છે ત્યાં ધ્યાન કરવા ગયા ધ્યાન કરવા બેઠા અને દેહ છુટી ગયો.

કેવું ઉત્તમ મોત ! વિનોબાના પ્રેમી અને વિનોબા ગૌશાળામાં જ મુક્તિ અદ્‌ભૂત !!!

પર્યાવરણને લક્ષમાં લઈ દેહદાનનો નિર્ણય કરેલો અને એમ છેલ્લે સીવીલ હોસ્પીટલ અમદાવાદને દેહદાન કરેલ.

અમારા ગોવિજ્ઞાન ભારતીના સૌભાગ્ય છે કે અમને તેમના સત્સંગ-સહયોગનો લાભ મળતો રહેલ. નરોત્તમભાઈ -કાંતીભાઈ ની ગુડવીલ સંસ્થા સાથે છે એટલે જ ગોવિજ્ઞાન ભારતીને આર્થિક સહયોગ હંમેશા સહજ મળી રહ્યો છે. ગોવિજ્ઞાન ભારતીની વિશેષતા છે કે અહિ કોઈ પગારદાર કે માનધન લેતું નથી. સહુ પોતાની સેવા કરીએ છીએ સમજી સહજ સેવા કરી રહ્યા છીએ. આ ગુણના પાયામાં આવા નિસ્વાર્થ વ્યક્તિઓની પ્રેરણા છે.

કાંતીભાઈ શાશ્વત શાંતિને પામે એજ અભ્યર્થના, પ્રાર્થના.

## આઈસક્રીમ

આઈસક્રીમ ખાવ પણ પહેલા આ વાંચો.

મોટી મોટી કંપનીઓ આકર્ષક આઉટલેટ ખોલી લોકોને આકર્ષિત કરે છે. પણ તેના બનવા પાછળ ઘણી એવી વાતો છે કે જાણ્યા પછી તમે ચોક્કસ બજારુ આઈસ્ક્રીમ ખાવાનું ટાળશો.

એક વ્યક્તિ મુંબઈમાં નીતનવા આઈસક્રીમ અલગ અલગ ફ્લેવર્સમાં બનાવી અને આઈસક્રીમ બનાવતી તમામ જાણીતી કંપનીઓ ને વેચે છે. એ વ્યક્તિ ને મારી સાથે આઉટલેટ શરૂ કરવુ હતું. એ માટે એણે મને અને મારા સર ને પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવા માટે કહ્યું. એમણે જે કંઈ પણ વાત કરી તે સાંભળીને મને આઘાત લાગ્યો. તેમણે કહ્યુ કે, ''મે પેરુ અને ચોકલેટ આઈસક્રીમના ચાર ચાર ફ્લેવર્સના આઈસક્રીમ બનાવ્યા છે. જેને મારે કોઈ કંપની ને વેચવા નથી. આ ફ્લેવર્સ બધાને પસંદ પડશે. તો આપણે આનો આઉટલેટ ખોલી ફાયદો ઉઠાવીશું.

પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કર્યો, તેમાં લાગતા રુપિયા અને બધું વીચાર્યા પછી મેં એક સીધો સાદો પ્રશ્ન પુછ્યો કે'' કે સમજો કે આપણું આઉટલેટ ન ચાલ્યું અને, લોકો ને તારી ફ્લેવર્સ ભાવી નહિ તો, આ ફ્લેવર્સના આઈસક્રીમ બગડી જાય, તો તે નુકસાન કોણે ભરવાનું ? ?

''મારા મનમાં ઘણા જ પ્રશ્નો હતા, વીજળીનો ખર્ચ, દુધ, કાચો માલ ઈત્યાદિ. એ વ્યક્તિ એ કહ્યું ''તેની ચિંતા ન કરો, તે આઈસક્રીમ ક્યારેય બગડશે નહિ. આઠ દિવસ સુધી લાઈટ નહી હોય તો પણ તે બગડશે નહિ.'' અમને આશ્ચર્ય થયું અમે પુછ્યું દુધ હોય તો તે બગડે જ. એ વ્યક્તિ બોલ્યો દુધમાંથી આઈસક્રીમ બનવાના દિવસો ગયા. અમે પુછ્યું તો શેમાંથી બનાવો છો આઈસક્રીમ ? ડાલડા ઘી માંથી ! શુ ડાલડા ઘી માંથી ? એણે કહ્યું હા...

એકાદ કંપની છોડીને બધા જ ડાલડા વાપરે છે એટલે તે બધાને પોસાય છે. આજકાલ આઈસક્રીમમાં ટીપુ દુધ હોતું નથી. ડાલડાને થોડી પ્રોસેસ કરીને તેમા ફ્લેવર્સ મીક્સ કરે કે ખબર ના પડે કે ડાલડા છે. એ સિવાય દુધના આઈસક્રીમ કરતા વધારે મુલાયમ હોય છે, ઘણી વાર દુધના આઈસક્રીમમાં બરફની કણી જે આવે તે આમા ન આવે એટલે લોકોને ભાવે છે.

બીજી વાત ડાલડા આઈસક્રીમ જીભ ઉપર આવતા જ ઓગળી જાય છે. ખુબજ ઠંડો અને લીસો હોવાને લીધે લોકો નક્કી નથી કરી શકતા કે શું છે. અને લોકોને આ પસંદ છે. તે ઘણા જ ઉત્સાહમાં વાત કરી રહ્યો હતો.

Now....... ડાલડા આઈસક્રીમની વિશેષતા એ છે કે તે સામાન્ય તાપમાનમાં પણ ઘણો સમય રહી શકે છે. તે બિલકુલ ખરાબ થતો નથી આથી ઉલટુ દુધના આઈસક્રીમ ને માટે ટેમ્પરેચર, મેન્ટેન કરવું પડે. દુધના આઈસક્રીમ માત્ર ૧૦-૧૨ દિવસમાં બગડી જાય છે. એટલે ખર્ચો વધી જાય છે.

ડાલડા આઈસક્રીમ ફ્રીઝની બહાર આખો વર્ષ રહે છે. તેની ફ્લેવર્સ પણ ખરાબ થતી નથી. ડાલડા આઈસક્રીમ માટે લાઈટ ખુબ જ ઓછી લાગે છે. ૧૦ ડીગ્રી તાપમાનમાં પણ આઈસક્રીમનો ફીલ આવે. દૂધના આઈસક્રીમ માટે તાપમાન વધુ જોઈએ. એટલે દૂધનો આઈસક્રીમ મોંઘો પડે. એ સિવાય દુધના આઈસક્રીમ કરતા ડાલડા આઈસક્રીમમાં કાચો માલ સસ્તો પડે. એ સિવાય દુધનું રોજનું કલેક્શન, તેને સાચવવા માટે ફ્રીજીંગ અને સાચવવાનો ખર્ચ. આ બધો જ વિચાર કરતા સમજાયું કે લોકોને આ આઈસક્રીમ ખાવો પોસાય નહિ. ડાલડા આઈસક્રીમમાં ઘણો જ પ્રોફિટ margin છે.

એટલે આજકાલ આટલા પોશ આઈસક્રીમ આઉટલેટ ચાલે છે તે ડાલડા આઈસક્રીમથી જ ચાલે છે. ડાલડા આઈસક્રીમ ઉત્પાદનમાં એક ફાયદો એ છે કે એક જ પ્રોડક્શન યુનિટ ચાલુ હોય તો પણ પુરા ભારત દેશમાં ગમે ત્યાં આઈસક્રીમ મોકલી શકાય છે. દુધના આઈસક્રીમમાં આ બેનિફિટ નથી. એના માટે બધે જ પ્રોડક્શન યુનિટ ચલાવવુ પડે. એ વ્યક્તિ ખુબ જ આનંદમાં આવી ગયો તેણે બનાવેલા નવા આઈસક્રીમ ફ્લેવર્સ ટેસ્ટ કરાવ્યા પણ એ પછી મને આઈસક્રીમ ખાવાની મજા જતી રહી. માટે આઈસક્રીમ ખાતા પહેલા તેમાં રહેલા (ingredients) તપાસો તે મહત્વનું છે. બજારુ કંપનીના આઈસક્રીમ ખાવાનું ટાળો. બાકી તમારો નિર્ણય અને તમારુ આરોગ્ય તમારા હાથમાં છે.

**- ડો. શીવરે, કોલ્હાપુર, (મુળ મરાઠી પોસ્ટ- ગ્રુપ માટે ગુજરાતી ટ્રાન્સલેશન - શ્રીમતી બીનાબેન કડેચા) Internet પરથી,**
**સૌ. શાંતીલાલ ગડા-અંધેરી**

## એક આશ્ચર્યજનક ચમત્કાર !

વર્ષ હતું ૧૯૯૨નું. એ વખતે મારી ઉંમર હતી ત્રેંસઠ વર્ષની. મારા હાર્ટમાં બ્લોકેજ આવેલો અને વીસ ડગલાં પણ ચાલી શકાતું નહોતું. મને મુંબઈની તાતા હૉસ્પિટલમાં લઈ ગયા. ત્યાંના ડૉક્ટરે કહ્યું કે બાયપાસ સર્જરી કરવી જરૂરી છે, પંદર દિવસમાં સર્જરી નહીં કરાવો તો બચવાની શક્યતા ઓછી છે. જો કે કોઈ પણ સંજોગોમાં સર્જરી માટે મારું મન માનતું નહોતું.

એ દરમ્યાન અધ્યક્ષ રાધાકૃષ્ણજી બજાજ મારી ખબર કાઢવા માલેગાંવ આવ્યા. મેં તેમને સ્પષ્ટ કહ્યું કે મારે બાયપાસ કરાવવું નથી. એ સાંભળી તેમણે કંઈક વિચાર કર્યો અને મુંબઈની કે.ઈ.એમ. હૉસ્પિટલના ડૉક્ટર મનુભાઈ કોઠારીને ફોન કરીને મારી પરિસ્થિતિ વિશે માહિતી આપી. ડૉ. કોઠારીએ મારા માટે આ પ્રમાણે સૂચના આપી; 'બસો ગ્રામ દૂધીના છાલ સાથે ટુકડા કરો, તુલસીનાં પાંચ પાન, ફુદીનાનાં પાંચ પાન, ચાર દાણા કાળા મરી, અડધો ટુકડો આદું, થોડું સિંધાલૂણ મીઠું અને પાણી નાખીએ બધાનો મિક્સરમાં રસ કાઢીને રોજ પીવડાવો.' મેં એ રસ પીવાનો શરૂ કર્યો. પંદર દિવસમાં શ્વાસની તકલીફમાં ચાળીસ ટકા ફાયદો જણાયો. પછી મને હરવા-ફરવાની સલાહ આપવામાં આવી અને બે મહિનામાં તો હું રોજના આઠ કિલોમીટર ચાલવા લાગ્યો ! એ ઉપચાર ચાલુ રાખ્યો અને હું એકદમ સ્વસ્થ થઈ ગયો. ત્યારે મને મુંબઈ જઈને તાતા હૉસ્પિટલના પેલા ડૉક્ટર, જેમણે મને પંદર દિવસની જ મહેતલ આપી હતી, તેમને મળવા જવાનું મન થયું. પરંતુ એ ન થઈ શક્યું, કેમ કે ત્યાંથી જાણવા મળ્યું કે એ ડૉક્ટર પોતે જ આ દુનિયામાં નહોતા રહ્યા !

મનુભાઈ કોઠારીએ સૂચવેલો ઉપચાર બે-ત્રણ વરસ સુધી મેં ચાલુ રાખ્યો. આજે એ વાતને ત્રેવીસ વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે અને આજે પંચાસી વરસે (આ લખાયું ૨૨.૭.૨૦૧૫) પણ પ્રભુકૃપાથી હું એકદમ સ્વસ્થ જિંદગી જીવી રહ્યો છું. **- કેસરીચંદ મેહતા,**

**(પ્રમુખ : અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ, નાશિક)**

## મહાજન ગૌશાલા, ભાવનગર

૧. મને દસ વરસથી ડાયાબીટીશ છે. મારા પત્નીને પગનો દુ:ખાવો છે. વરસોથી દવા ચાલુ છે. તો પણ ૩૦૦ ડાયાબીટીશ કંડોલમાં આવ્યું પત્નીને પણ પગના દુ:ખાવામાં ફાયદો થયો છે. **વાઘેલા રઘુવીર સિંહ, અજીત સિંહ, ઉ.વ.૬૨, મો.૯૪૨૭૯૩૮૧૩૩**

૨. મને કેન્સર, બી.પી., ડાયાબીટીશ ૨૦01 થી છે. ૨૦૦૩માં મુંબઈ હિંદુજામાં તપાસ કરાવેલ તો બે નળી સંપૂર્ણ બ્લોક છે એમ રીપોર્ટ આવેલ. ઓપરેશન થઈ શકે તેવી કન્ડીશન નહોતી મહાજન ગૌશાળાના અર્કથી બંને નળી ખુલી ગઈ અને અત્યારે સંપૂર્ણ તંદુરસ્ત છું. ૨૦૦૩ થી અર્ક લઉ છું અને ઉતરોત્તર સુધારો થયેલ છે. **ગંગારામ પી. અજવાળીયા, ઉ.વ.૮૨. મો.૯૯૨૫૦૨૭૩૭૩.**

૩. મને પ્રોસ્ટેટની દસ વરસથી તકલીફ હતી. બે વખત ઓપરેશન પણ કરાવેલ છતાં આશિક રાહત જ મળેલ છેલ્લા ૩ વરસથી નિયમિત અર્ક લેવાનું ચાલુ કરેલ છે. ૨૦ દિવસમાં જ ફાયદો શરૂ થઈ ગયેલ. હાલ મને કોઈ તકલીફ નથી. **નિરંજન હરીપ્રસાદ ભટ્ટ, ઉ.વ.૭૪, ટે.નં.૦૨૭૮૨૨૦૨૯૯૭.**

૪. મને ૨૦૧૦થી હૃદયરોગની તકલીફ હતી. પાંચ વરસથી નિયમિત અર્ક લઉં છું. હવે મને કોઈ તકલીફ નથી અર્કથી સંપૂર્ણ આરામ થયેલ છે. **દીપસંગ પરમાર, ઉ.વ.૬૧, મો.નં.૯૪૨૭૪૦૯૫૭૭**

૫. મને ૨૦૦૪ થી સંધીવાની તકલીફ હતી ૨૦૧૧ થી નિયમિત અર્ક સેવન કરું છું હાલ ઊઠવા બેસવામાં સાંધાના દુ:ખાવામાં ખૂબ જ રાહત થઈ ગયેલ છે. **પ્રવીણભાઈ એ. ત્રિવેદી, ઉ.વ.૬૨, મો.૯૯૨૪૪૧૭૨૧૮**

૬. મને શરીરનો તથા માથાનો દુ:ખાવો બે વરસથી હતો. એક વરસ એલોપથી દવા કરી પણ ફાયદો થયેલ નહી. બાદમાં રોજ અર્ક પીવાનું તથા માલીસ કરવાનું બંને ચાલુ કરેલ. માથાના દુ:ખાવામાં ૮૦% તથા શરીરના દુ:ખાવામાં સાવ સારું થઈ ગયેલ છે. ૩ માસમાં અર્કથી ફેરફાર દેખાવા મંડે છે.

**- મનીશ કે. વ્યાસ, ઉ.વ.૫૧, મો.૯૯૯૮૯૭૦૩૦૪**

**મુંબઈમાં ગોમૂત્ર અર્ક મેળવવા-સંપર્ક**
**રમેશભાઈ દોશી, મલાડ, ૯૪૨૭૬૬૩૪૭૩**
**શાંતીલાલ ગાલા, સાંતાક્રુઝ (પૂર્વ) ૯૮૩૩૫૯૩૩૫૧**

**ભાખ્યું ભાષણમાં ભગવાન ધર્મ ન બીજો દયા સમાન**
**ઉનાળાની ઋતુમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. પાણીના અભાવમાં કોઈ પક્ષી મૃત્યુ ન પામે તે હેતુથી આપના ઘરના વરંડા કે અગાશી પર સીમેન્ટ કે માટીના કુંડા વિનામૂલ્યે મેળવવા સંપર્ક ધનસુખભાઈ મહેતા.**
**ધનસુખભાઈ કાંદિવલી રહે છે. મૂળ ધોરાજીના છે. ધોરાજીની પાંજરાપોળ માટે મોટું ફંડ પણ એકઠું કરી મોકલેલ છે.**
**સંપર્ક: ધનસુખભાઈ મહેતા, મો. નં.૮૧૦૮૮૩૬૯૪૯**

## સાવ જ તારી કને...

તું સમજે જે દૂર, તે સાવ જ તારી કને,
ફૂલ અને ફોરમને કેવું એક ઉતારે બને !

બની શકે તો સ્થિર ઉભેલા ઝાડ સામું જો,
આખેઆખા લીલાછમ ઉઘાડ સામું જો,
નાભી જેવું નગર વસાવી, મૃગ ભટકે વનવને...

કાં નીકળી જા બાર સદંતર, કાં ઉતરી જા અંદર,
જળને ઝાંપે ઝુલે સમંદર, નહીં બેટ નહીં બારું બંદર,
નદી કુંડીમાં ના'વા ઉતરી, દરિયો ઊભે પને...

મળવું એ જ હો મનસૂબો તો નકશા નાખ ધરામાં,
સૂરજ વાવમાં પાણી ગાળે, ચાંદો રમે ચરામાં,
સરખું ઉતરે સામૈયું તો રજની રેલે દને...

મન ગોઠે ત્યાં મેલ દીવો, બીજી રીતો રહેવા દે,
જળ પવન અને અજવાળાને એની રીતે વહેવા દે,
ઘડા માંયલો આકુળ વેળા, ગગન થવા થનગને...

**- દલપત પઢિયાર, સૌ. સુભાષ ભટ્ટ, ભાવનગર.**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. વિનોદ દોમડીયા | - ભુલેશ્વર | ૧૦૦/- |
| ૨. મધુભાઈ ભીમાણી | - મુલુંડ | ૧૦૦/- |
| ૩. પ્રીન્ટ માસ્ટર્સ | - મુલુંડ | ૧૦૦/- |
| ૪. જયસુખ કામદાર | - દહીસર | ૨૦૦/- |
| ૫. સુરેશભાઈ મણીયાર | - કાંદિવલી | ૨૦૦/- |
| ૬. શીતલ એ. મહેતા | - અમદાવાદ | ૧૦૦/- |
| ૭. જિતેન્દ્ર મોદી | - ઓરીસા | ૧૦૦/- |
| ૮. પૂર્ણિમાબેન શાહ | - નડીયાદ | ૧૦૦૦/- |
| ૯. ધનસુખ મહેતા | - કાંદિવલી | ૧૦૦/- |
| ૧૦. અરવિંદભાઈ રાવલ | - મલાડ | ૫૦૦/- |
| ૧૧. કિશોરભાઈ મહેતા | - વિલેપાર્લા | ૫૦૦/- |
| ૧૨. મીનાબેન પારેખ | - અંધેરી | ૧૦૦/- |
| ૧૩. ચંદુ પટેલ | - ઘાટકોપર | ૧૦૦/- |
| ૧૪. કિશોરભાઈ ત્રિવેદી | - બોરીવલી | ૧૦૦/- |

**નોંધ: આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**

### આ અંકનું સૌજન્ય

દ્વારકેશભાઈ રાજ, પેસીફીક, ૯મો રસ્તો, જેવીપીડી, જુહુ સ્કીમ, વિલેપાર્લે, મુંબઈ - ૫૬. તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

## વિચારોમાં સંજોગોને ઝુકાવવાની શક્તિ હોય છે

પશ્ચિમ બંગાળના પુરુલિયા જિલ્લાના એક નાનકડા ગામની પ્રાથમિક શાળામાં વાર્ષિક કાર્યક્રમ ચાલી રહ્યો હતો.

એ શુષ્ક કાર્યક્રમ દરમિયાન એક વિદ્યાર્થિની બોલવા માટે ઊભી થઈ. અગિયાર વર્ષની તે છોકરીએ પહેલા તો તેની સ્પીચમાં કહ્યું કે શાળાના અને શિક્ષણના શું ફાયદા છે. એ વાત કરતા કરતા તેણે તેની અને તેની બહેનની વ્યથાકથા કહી દીધી. તેણે કહ્યું કે મને આ ઉંમરે પરણાવી દેવા માટે મારાં માતાપિતા દબાણ કરી રહ્યાં છે, પણ મારી બહેનની દશા જોયા પછી મેં નક્કી કર્યું છે કે હું કોઈ કાળે તેમના દબાણને વશ નહીં થાઉં. બિચારી મારી બેન નાની ઉંમરમાં ચાર-ચાર વખત ગર્ભવતી બની અને તેણે દરેક વખતે મૃત બાળકને જન્મ આપ્યો. તેની હાલત જોઈને મારું હૃદય દ્રવી ઊઠે છે. હવે મારાં માતાપિતા મને પણ અગિયાર વર્ષની ઉંમરે પરણાવી દેવા ઈચ્છે છે, પણ શાળામાં આવવાને કારણે મને સમજાયું કે હું કંઈ માતાપિતાની મિલકત નથી કે તેઓ મારી સાથે મનફાવે એમ વર્તી શકે...

તે છોકરીની સ્પીચ પૂરી થઈ ત્યાં સુધીમાં નાયબ શ્રમ પ્રધાન, પત્રકારો અને શિક્ષકો સ્તબ્ધ થઈ ગયા હતા. તે અગિયાર વર્ષની છોકરી કોલકતાના અખબારોમાં ચમકી ગઈ.

શાળામાં ચોંકાવનારી સ્પીચ આપીને તે છોકરી ઘરે પહોંચી એ પહેલા તેના ઘરે તેના બળવો પોકારતા ભાષણ વિશે વાત પહોંચી ગઈ હતી. તે છોકરી ઘરે પહોંચી એ સાથે તેની માતા લાકડી લઈને તેના પર ઝનૂનપૂર્વક ફરી વળી. તે છોકરીની કારમી ચીસો સાંભળી છતાં તેના કોઈ પાડોશીઓ મદદે ના આવ્યા. કારણ કે તે છોકરીએ બાળવિવાહ સામે જાહેરમાં અવાજ ઉઠાવ્યો હતો. તે છોકરીના બીજા વડીલોએ પણ તેને બેરહેમીથી ફટકારી અને તેને શાળાએ જવાની પણ મનાઈ ફરમાવી દેવાઈ. તેના માતાપિતાએ તેને તાબડતોબ પરણાવી દેવાની તૈયારી આદરી, પણ તે છોકરીએ મચક ન આપી. તેણે કહ્યું કે તમે જબરદસ્તી કરશો તો હું મરી જઈશ પણ લગ્ન નહીં કરું.

આ દરમિયાન એક સ્થાનિક પત્રકારે તે છોકરી વિશે લાંબો લેખ લખ્યો. એ પછી બીજા અખબારોના પત્રકારોને પણ તે છોકરી વિશે સ્પેશિયલ સ્ટોરી કરવામાં રસ પડ્યો. તેના વિશે રાષ્ટ્રીય અખબારોમાં પણ લેખો પ્રકાશિત થવા લાગ્યા. એક અંગ્રેજી અખબારમાં તેના વિશે જાણીને ડચ પત્રકાર એલેટા એન્ડ્રેએ 'ચિલ્ડ્રન હુ ચેંજ્ડ ધ વર્લ્ડ' પુસ્તકમાં એ છોકરીની કથા લખી. જગતના જુદા જુદા દેશોના ક્રાંતિકારી બાળકોની સાથે તે છોકરીની કથા એ પુસ્તકમાં છપાઈ.

તે છોકરીને કારણે આખા પુરુલિયા જિલ્લાની છોકરીઓમાં બાળવિવાહ વિરુદ્ધ જાગૃતિ આવવા લાગી. માત્ર પુરુલિયા જિલ્લામાં જ તે છોકરીને કારણે દસ હજાર છોકરીઓએ બાળવિવાહ સામે બળવો પોકાર્યો.

થોડા સમયમાં તો મીડિયાને કારણે તે છોકરી જાણીતી બનવા લાગી. તે છોકરીને દેશના જુદા જુદા વિસ્તારોમાં ભાષણ આપવા માટે નિમંત્રણ મળવા લાગ્યા. ૨૦૦૯માં તે છોકરીને તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના હાથે નેશનલ બ્રેવરી એવોર્ડ મળ્યો.

એ છોકરી છે રેખા કાલિન્દી. તેના લખાયેલા ફ્રેંચ પુસ્તકનો લંડનમાં રહેતી અમેરિકન મૂળની લેખિકા સારાહ લોસને અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. 'ધ સ્ટ્રેંગ્થ ટુ સે નો' શીર્ષક ધરાવતા એ પુસ્તકમાં રેખા કાલિન્દી વિશે વાંચીને તેના માટે માન થયા વિના રહે નહીં. રેખા અત્યારે અઢાર વર્ષની થઈ છે. તેણે સીધી અને આડકતરી રીતે ભારતની લાખો નાની છોકરીઓના બાળવિવાહ થતાં અને તેમના બાળવિવાહ અટકાવીને તેમના જીવન બરબાદ થતાં બચાવ્યાં છે.

રેખા કાલિન્દી જેવી વ્યક્તિઓ સમાજના કચડાયેલા વર્ગ માટે નક્કર પ્રદાન કરે છે અને અંતે દેશને આગળ વધવામાં મદદરૂપ બને છે. રેખા કાલિન્દી જેવી વ્યક્તિઓનું પ્રદાન દેખાતું નથી. પણ ખરી અને નક્કર સામાજિક ક્રાંતિ રેખા કાલિન્દી જેવી વ્યક્તિઓ થકી આવતી હોય છે. - **આશુ પટેલ, સુખનો પાસવર્ડ. સૌ. મું.સમાચાર.**

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2016
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યુ.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

To,